સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગના નવયુગલોને સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં આપવામાં આવતી સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૨૦૧૧/ન.બા.૧૨૫૩(૭૨૭૭૧૬)/અ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૩/૪/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તા.૨૯/૪/૯૮ ના ઠરાવ ક્રમાંકઃપરચ-૧૦૯૮-૬૭૪-ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૨/૧/૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૪૯૯/ ન.બા.૧૯/અ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૩/૧૨/૨૦૧૧નો પત્ર ક્રમાંકઃ વિજાક/ જન/ ન.બા./સાતફેરા/૧૧-૧૨/૧૯૯૮/૨૨૧૯

ઠરાવઃ-

વંચાણ હેઠળના ક્રમાંક(૧) પર ના વિભાગના તા.૨૯/૪/૯૮ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગના નવયુગલોને તેમના લગ્ન પ્રસંગે સહાય આપવા માટે સાતફેરા સમૂહ લગ્ન યોજના અમલમાં છે. વંચાણ હેઠળના ક્રમાંક(૨) પર ના વિભાગના તા.૧૨/૧/૨૦૦૧ ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગના નવયુગલોને તેમના લગ્નપ્રસંગે રૂ.૫,૦૦૦/- સહાય આપવામાં આવે છે. જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક(૩) પરના તા.૩/૧૨/૨૦૧૧ ના પત્ર થી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ કરેલ દરખાસ્ત અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગના નવયુગલોને તેમના લગ્નપ્રસંગે આપવામાં આવતી સહાય રૂ.૫,૦૦૦/-ના બદલે રૂ.૧૦,૦૦૦/- કરવા તથા આયોજક સંસ્થાને રૂ.૧,૦૦૦/- ના બદલે રૂ.૨,૦૦૦/- કરવા તથા આ યોજના માટે કન્યાના વાલી ની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૦,૦૦૦/ અને શહેરી વિસ્તારમાં રૂ.૨૫,૦૦૦/- છે તેના બદલે ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૭,૦૦૦/ અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/-કરવાનું નક્કી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૬૦.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૧) આ ખર્ચ તા.૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણા વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજના ના લાભાર્થી ઓ ની યાદી નિભાવવા ની રહેશે. અન્ય શરતો યથાવત રહેશે

(૫) આ યોજનાનો અમલ તા.૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે અને રકમની ચૂકવણી ચેકથી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગ ની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ની તા.૨/૪/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

એલ.એમ.જોષી
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.).
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ.,સચિવાલય,ગાંધીનગર..
- સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

x-------x------x